# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

***********************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત અને અમેરિકા વચ્ચેની ગાઢ મિત્રતા વ્યાવસાયિક વાટાઘાટને સફળ બનાવવાનો માર્ગ મોકળો કરશે**
2. **નેપાળમાં હિંસાને નિયંત્રિત કરવા માટે સૈન્યએ કમાન સંભાળી.. નેપાળની સરહદ નજીક આવેલા ઉત્તર પ્રદેશના વિસ્તારોમાં હાઇ એલર્ટ**
3. **ટ્રાઇએ ડિસ્ટ્રિબ્યુશન પ્લેટફોર્મ ઓપરેટરોને પ્રસારણ સેવાઓ માટે માસિક અને ત્રિમાસિક ધોરણે પર્ફોર્મન્સ મોનિટરિંગ રિપોર્ટ્સ રજૂ કરવા આદેશ આપ્યો**
4. **અમેરિકામાં ફેડરલ વ્યાજ દરો ઘટાડવાના સંકેત બાદ અમેરિકા અને ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ**
5. **યુએઇ સાથેની ક્રિકેટ મેચ સાથે આજે એશિયા કપના ભારતના અભિયાનનો આરંભ**

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM - US CLOSE TIES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે , ભારત અને અમેરિકા ગાઢ મિત્રો અને સ્વાભાવિક ભાગીદારો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી મોદીએ પુનરોચ્ચાર કર્યો હતો કે તેમને વિશ્વાસ છે કે બંને દેશો વચ્ચેની વેપાર વાટાઘાટો ભારત-અમેરિકા ભાગીદારીની અમર્યાદિત ક્ષમતાને પ્રસ્થાપિત કરવાનો માર્ગ મોકળો કરશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે , બંને દેશોની ટીમો વ્યાવસાયિક ચર્ચાઓને વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવા માટે કાર્યરત છે. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે તેઓ ટૂંક સમયમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરવા આતુર છે. પ્રધાનમંત્રીએ બંને દેશોના લોકો માટે ઉજ્જવળ, વધુ સમૃદ્ધ ભવિષ્ય સુરક્ષિત કરવા માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે મળીને કામ કરવાની આશા વ્યક્ત કરી હતી. અગાઉ અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે અમેરિકા અને ભારત બંને દેશો વચ્ચેના વેપાર અવરોધોને દૂર કરવા માટે વાટાઘાટો કરતાં રહેશે.

. . . . . . . . . . . .

# UP NEPAL ALERT

ઉત્તર પ્રદેશ સરકારે પાડોશી દેશમાં વધતી જતી કટોકટીને પગલે નેપાળ સાથે સરહદ ધરાવતા તમામ જિલ્લાઓમાં હાઇ એલર્ટ જાહેર કર્યું છે. સરહદી જિલ્લાઓમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે વધારાની પોલીસ ટુકડીઓ તૈનાત કરાઇ છે.

પ્રસ્તુત છે એક અહેવાલ...

(બાઈટ – સુશિલ તિવારી)

. . . . . . . . . . . . . .

# NEPAL ADVISORY

સરકારે ભારતીય નાગરિકોને પરિસ્થિતિ સુધરે નહીં ત્યાં  સુધી નેપાળની મુસાફરી મુલતવી રાખવાની સલાહ આપી છે. એક એડવાઇઝરીમાં, સરકારે હાલમાં નેપાળમાં રહેતા ભારતીય નાગરિકોને ઘરમાં જ રહેવાની , બહાર જવાનું ટાળવાની અને તમામ સાવચેતી રાખવાની સલાહ આપી છે.

નેપાળ સત્તાવાળાઓ તેમજ કાઠમંડુમાં ભારતીય દૂતાવાસની સ્થાનિક સલામતી સલાહોનું પાલન કરવાની પણ સલાહ આપી હતી. દરમિયાન, કાઠમંડુનું એરપોર્ટ બંધ હોવાને કારણે એર ઇન્ડિયા અને ઇન્ડિગો સહિતની ભારતીય એરલાઇન્સે કાઠમંડુ જતી ફ્લાઇટ્સ રદ કરી દીધી છે

. . . . . . . . .

# NEPAL ARMY ACTION

નેપાળમાં ચાલી રહેલી હિંસાને ડામવા માટે હવે સૈન્યએ કાર્યવાહી શરૂ કરી છે.. લૂંટફાટ અને હિંસામા સંડોવાયેલા લોકોની ધરપકડ કરવામાં આવી રહી છે.. સાંભળીએ એક અહેવાલ

## વોઇસ કાસ્ટ – શ્વેતા સિંઘ

. . . . . . . . . . .

# TRAI ORDER

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા ( TRAI) એ તમામ ડિસ્ટ્રિબ્યુશન પ્લેટફોર્મ ઓપરેટરો (DPOs) ને પ્રસારણ સેવાઓ માટે માસિક અને ત્રિમાસિક ધોરણે પર્ફોર્મન્સ મોનિટરિંગ રિપોર્ટ્સ ( PMRs) જમા કરવાનો નિર્દેશ આપ્યો છે. જેમાં DTH ઓપરેટરો, મલ્ટી સિસ્ટમ ઓપરેટરો ( MSOs), હેડએન્ડ-ઇન-ધ-સ્કાય ( HITS) ઓપરેટરો અને ઈન્ટરનેટ પ્રોટોકોલ ટેલિવિઝન ( IPTV) ઓપરેટરોનો સમાવેશ થાય છે.

એક નિવેદનમાં, સંચાર મંત્રાલયે જણાવ્યું હતું કે , રિપોર્ટિંગ ફ્રેમવર્કનો ઉદ્દેશ્ય પાલનનું અસરકારક નિરીક્ષણ સુનિશ્ચિત કરવા , પારદર્શિતાને પ્રોત્સાહન આપવા , ગ્રાહક હિતનું રક્ષણ કરવા અને પ્રસારણ અને કેબલ ટીવી સેવાઓ ક્ષેત્રના વ્યવસ્થિત વિકાસને સરળ બનાવવાનો છે.

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

.....

# J - K SCHOOLS

જમ્મુ કાશ્મીરના ડોડા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની વિપરીત સ્થિતિ અને જાહેર પરિવહન પર પ્રતિબંધોને કારણે જમ્મુ કશ્મીર બોર્ડ ઓફ સ્કૂલ એજ્યુકેશનએ જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં આજે યોજાનારી ધોરણ 10 અને 11 ની પરીક્ષાઓ મુલતવી રાખી છે. જમ્મુના અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે બોર્ડના શિક્ષણ નિયામકે વિદ્યાર્થીઓની સલામતીને પ્રાથમિકતા આપતા આ નિર્ણયની જાહેરાત કરી છે. પરીક્ષાઓની નવી તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

દરમિયાન, જમ્મુ વિભાગમાં આજે શાળાઓ ફરી ખોલવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ નિર્ણયને આવકાર્યો છે ઉલ્લેખનીય છે કે , વિસ્તારમાં ભારે વરસાદ અને પૂરને કારણે છેલ્લા ઘણા દિવસોથી શાળાઓ બંધ હતી. અધિકારીઓએ ખાતરી આપી છે કે શાળાઓ ફરી ખોલતા પહેલા જરૂરી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

. . . . . . . . . . .

# LADAKH ZANSKAR FESTIVAL

લદ્દાખમાં આગામી 20 અને 21 ના ઝાંસ્કાર મહોત્સવના 10મા સંસ્કરણની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ ઉત્સવને પ્રદેશના સૌથી મહત્વપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમોમાંનો એક માનવામાં આવે છે, જેનો ઉદ્દેશ્ય લદ્દાખના સમૃદ્ધ વારસા, વંશીય વિવિધતા અને પરંપરાગત પ્રથાઓનું જતન અને પ્રોત્સાહન આપવાનો છે.

ડેપ્યુટી કમિશનર અને LAHDC કારગિલના CEO રાકેશ કુમારના અધ્યક્ષપદે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે , આ ઉત્સવ ફક્ત લદ્દાખી સંસ્કૃતિની ઉજવણી માટે એક પ્લેટફોર્મ તરીકે જ નહીં પરંતુ પર્યટન, સાહસિક રમતો અને સ્થાનિક ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાની સુવર્ણ તક પણ પ્રદાન કરશે.

આ વર્ષના ઉત્સવમાં લગભગ દસ હજાર મુલાકાતીઓ આવવાની અપેક્ષા છે , જેમાં સાંસ્કૃતિક મંડળીઓ , વિવિધ રાજ્યોના કલાકારો અને લદ્દાખના આદિવાસી જૂથોનો સમાવેશ થાય છે. ખાસ આકર્ષણોમાં રાફ્ટિંગ , તીરંદાજી પ્રદર્શનો, સાંસ્કૃતિક પ્રદર્શનો, વિભાગીય સ્ટોલ અને સરકારી યોજનાઓના પ્રદર્શનોનો સમાવેશ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# J&K: SMVD YATRA REMAIN SUSPENDED

જમ્મુ અને કાશ્મીરમાં , રિયાસી જિલ્લામાં ત્રિકુટા પર્વતોની ટોચ પર માતા વૈષ્ણોદેવી ના મંદિરની યાત્રા આજે સતત 15મા દિવસે પણ પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ અને પ્રદેશમાં અનેક ભૂસ્ખલનને કારણે સ્થગિત રહી છે. અમારા આકાશવાણી જમ્મુના  સંવાદદાતા અહેવાલ અહેવાલ આપે છે કે , સતત વરસાદને કારણે ભૂસ્ખલન થયું છે, જેના કારણે મંદિર તરફ જતા ટ્રેક બ્લોક થઈ ગયા છે અને યાત્રાળુઓ માટે અસુરક્ષિત બની ગયા છે. ભૂસ્ખલન અને રસ્તાના નુકસાનને કારણે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ કરવામાં આવ્યો હોવાથી કનેક્ટિવિટી વધુ ખોરવાઈ ગઈ છે.

હવામાનમાં સુધારો થયા પછી અને ટ્રેકને સુરક્ષિત જાહેર કરવામાં આવે પછી જ યાત્રા ફરી શરૂ થશે. જો કે, યાત્રા લાંબા સમય સુધી સ્થગિત રહેવાથી શ્રદ્ધાળુઓ નિરાશ થયા છે અને યાત્રા પર આધાર રાખતા સ્થાનિક વ્યવસાયોને મુશ્કેલી પડી રહી છે. વહીવટીતંત્રે યાત્રાળુઓને ધીરજ રાખવા અને આગામી સૂચના સુધી મંદિર તરફ બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરી છે.

. . . . . . . .

# US MARKETS

વોલ સ્ટ્રીટના ત્રણ મુખ્ય સૂચકાંકોએ મંગળવારે વિક્રમી ઉચ્ચ બંધ નોંધાવ્યા હતા. ફેડરલ રિઝર્વ આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે વ્યાજદરમાં ઘટાડો કરશે તેવી અપેક્ષાઓ વચ્ચે નાસ્ડેક અને ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ દરેક નવા સર્વોચ્ચ સ્તરે બંધ થયા હતા.

બીજીતરફ અમેરિકાના બજારો સાથેસાથે ભારતીય શેરમાર્કેટમાં તેજીનો માહોલ છે.. ભારતીય શેરબજાર પ્રારંભિક તબક્કે પાંચસો પોઇન્ટ વધ્યુ હતું. જ્યારે નિફ્ટીમાં પણ એકસો પચાસ પોઇન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો...બપોર બાદ સેન્સેક્સમાં 300 અને નિફ્ટીમાં સો પોઇન્ટના ઉછાળા સાથે શેરમાર્કેટ કારોબાર કરી રહ્યું છે.

. . . . . . . . . . .

# KERALA RAIN

કેરળમાં છેલ્લા એક અઠવાડિયાથી નબળો પડ્યો વરસાદ ફરી વધુ ઝડપી ગતિથી વરસે તેવી શક્યતા છે.

ભારતીય હવામાન વિભાગે આગામી દિવસોમાં કેરળ અને લક્ષદ્વીપમાં સરેરાશથી વધુ વરસાદની આગાહી કરી છે. દરમિયાન , ચાર જિલ્લાઓમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે,

. . . . . . . . . .

# CRICKET-ASIA-CUP

એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારત આજે ગ્રુપ Aમાં યજમાન સંયુક્ત આરબ અમીરાતનો સામનો કરશે. દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે મેચ રમાશે. ગ્રુપ Aમાં પાકિસ્તાન અને ઓમાનનો પણ સમાવેશ થાય છે.

ગઈકાલે અબુ ધાબીમાં એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં અફઘાનિસ્તાને હોંગકોંગને 94 રનથી હરાવ્યું.

આ ગ્રુપ Bની પહેલી મેચ હતી. શ્રીલંકા અને બાંગ્લાદેશ પણ આ ગ્રુપમાં છે. બંને ગ્રુપમાંથી ટોચની બે ટીમો સુપર ચાર તબક્કામાં આગળ વધશે. આઠ ટીમો ટાઇટલ માટે સ્પર્ધા કરશે. આ ટુર્નામેન્ટ 28 સપ્ટેમ્બર સુધી ચાલશે.

. . . . . .

# TRUMP - COURT

અમેરિકામાં, સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ પર દલીલો સાંભળવા માટે સંમત થઈ છે. જોકે જ્યાં સુધી કોર્ટ કેસની સુનાવણી કરશે ત્યાં સુધી ટેરિફ યથાવત્ રહેશે.

આંતરરાષ્ટ્રીય કટોકટી આર્થિક સત્તા અધિનિયમ પર આધાર રાખીને તેમની ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલ ટેરિફનો નિર્ણય ટ્રમ્પે સત્તાની ઉપરવટ જઇને કર્યો છે.. જોકે બંધારણે ટેરિફનો નિર્ણય કાયદાકીય શાખા ઉપર છોડ્યો છે.

. . . . . . . . . . . . . . . . . .